## સુરત મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિની તા.૧૦–૧૧–૨૦૨૩ ના રોજ

## મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૨–૧૧–૨૦૨૩ ના પત્ર નં.સીમીસ/૨/૬૯ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ખાતા/ઝોન ધ્વારા દરખાસ્ત સાથે સામેલ પત્રક–અ માં જણાવેલ કુલ–૧૨ કામો અંગે કુલ રૂ.૬૧,૧૬,૨૩૬–૬૧ અને પત્રક–બ માં જણાવેલ કુલ–૧૦ કામો અંગે કુલ રૂ.૩,૫૩,૬૦૪–૦૧ ના થયેલ ખર્ચની ધી જી.પી.એમ.સી.એકટ (અધિનિયમ)–૧૯૪૯ ની કલમ–૭૩(ડી) હેઠળ જાણ લેવાનું તથા પત્રક–બ માં જણાવેલ કામો અંગે ટેન્ડર ન મંગાવવાની થયેલ અનિયમિતતા ધી જી.પી.એમ.સી.એકટ (અધિનિયમ)–૧૯૪૯ ના અનુસુચિ–અ ના પ્રકરણ–૫ ના નિયમ–૨(૨) ના પ્રોવાઈઝો અનુસાર કોન્ડોન કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૮૫/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.   –૧૧–૨૦૨૩.

*GOPAL*

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”

સુરત મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિની તા.૧૦–૧૧–૨૦૨૩ ના રોજ
મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૪–૧૧–૨૦૨૩ ના પત્ર નં.સીમીસ/૨/૭૦ થી વિદિત થઈ, શહેર સુરતમાંથી ઉત્પન્ન થતા ઘનકચરાના વ્યવસ્થાપન, પ્રોસેસીંગ, ટ્રીટમેન્ટ તથા ડિસ્પોઝલની કામગીરીઓ માટે મોજે : ઉંબેર, બ્લોકનં.૧૯૭ ખાતે ૩,૦૦,૦૦૦ ચો.મી. જગ્યા તેમજ બ્લોક નં.૧૯૯ ખાતેની ૪૦,૪૬૯ ચો.મી. મળી કુલ ૩,૪૦,૪૬૯.૦૦ ચો.મી. ની જગ્યા પર લેન્ડફીલ સેલ તથા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર સહિતનું સેન્ટ્રલાઈઝ વેસ્ટ મેનેજમેન્ટ પાર્ક બનાવવાના કામે નીચે જણાવેલ મુદ્દા નં.(૧) થી (૪) અંગે નિર્ણય લેવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરવામાં આવે છે.

(૧) કન્સલટન્ટ ગ્રીન ડિઝાઈન એન્ડ એન્જીનીયરીંગ સર્વિસીસ પ્રા.લી. ધ્વારા સદરહું જગ્યા પર પાણીનો ભરાવો ન થાય તે હેતુસર કરાવવા જોગ કામગીરી તેમજ સેનેટરી લેન્ડફીલ સેલ બનાવવાની કામગીરી, રસ્તા,પાર્કિંગ, વર્કશોપ, વજનકાંટા, ઓફિસ બિલ્ડીંગ સહિતની જરૂરી તમામ ઈન્ફ્રાસ્ટ્રકચર સહિતની તમામ કામગીરી માટે દરખાસ્ત સાથે સામેલ એનેક્ષર–૧ માં જણાવેલ વિગતે રૂા.૮૯,૨૦,૭૦,૪૦૦/– ના નેટ અંદાજ તેમજ રૂા.૯૭,૨૩,૫૭,૦૦૦/– ના ગ્રોસ અંદાજ બજેટહેડ એકા.કોડ "૮૧/૯૫, ૫૬૦૨" અને એકા.કોડ "૮૧/૯૫, ૫૭૨૯" ખાતે મંજુર કરવા તથા તે પૈકી સદર પ્રોજેકટમાં Environmental sustainability માટે કરવામાં આવનાર કામગીરીઓ માટે દરખાસ્ત સાથે સામેલ એનેક્ષર–૨ માં જણાવેલ વિગતે રૂા.૩૯,૩૧,૬૨,૪૦૦/– ની કામગીરી થાય છે, તે હકીકત ધ્યાને લેવા.

(૨) સદર અંદાજો કામની અગત્યતા ધ્યાને લઈ, હંગામી ધોરણે તૈયાર કરવામાં આવેલ હોય અને સદરહું જગ્યા પર GPCB, CRZ, Environment Clearance તથા જરૂરી વિભાગ કચેરીઓની જરૂરી મંજુરીમાં મળેલ સુચનનો સમાવેશ કરવાની શકયતા રહેતી હોય, જે કારણસર મુદ્દા નં.(૧) માં જણાવેલ અંદાજોમાં જો શકય જણાયે ટેન્ડર પ્રક્રિયા વખતે અથવા સ્થળ પર કરાવવામાં આવનાર કામગીરી અનુરૂપ વધ–ઘટ થવાની સંભાવનાઓને મંજુર કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવા.

(૩) મુદ્દા નં.(૨) માં જણાવ્યા મુજબ સુચિત મળવાપાત્ર GPCB, CRZ, Environment Clearance તથા જરૂરી વિભાગ કચેરીઓની જરૂરી મંજુરીમાં મળેલ સુચનમાં હાલના અંદાજમાં રજુ કરવામાં આવેલ લે–આઉટમાં ફેરફારો તેમજ અન્ય કોઈ પણ પ્રકારના તાંત્રિક ફેરફારો કરવાની સુચના મળે તો તે અંગે આનુસાંગિક નિર્ણય લઈ યોગ્ય કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવા.

૨...

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”

(૪) સદર કામગીરીઓ માટે સ્વચ્છ ભારત મિશન ૨.૦, ૧૫ માં નાણાપંચ, રાજય અને કેન્દ્ર સરકારશ્રીની અન્યત્ર યોજના અંતર્ગત મળનાર ગ્રાંટ તથા નાણાકીય સંસ્થા જેમ કે CITIES, IFC વિગેરે જેવી સંસ્થાઓ પાસેથી મળનાર લોન/ગ્રાંટ મેળવી, સુરત મહાનગરપાલિકાના સ્વભંડોળ ઓછું ભારણ રહે તે હેતુ ધ્યાને લઈ, સુરત મહાનગરપાલિકાના નાણાકીય હિતમાં જે તે જરૂર મુજબની કામગીરીઓ EPC ધોરણે/Partial PPP ધોરણે/PPP ધોરણે કરાવવા અંગે નિર્ણય લઈ યોગ્ય કાર્યવાહી કરવા તથા તે અંગેની વિગત કામગીરી સોંપણી પહેલા જે તે સક્ષમ સત્તા સમક્ષ રજુ કરી મંજુરી મેળવવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવા.

**ઠરાવ નં.૮૬/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૧૧–૨૦૨૩.

*GOPAL*

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”

સુરત મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિની તા.૧૦–૧૧–૨૦૨૩ ના રોજ

મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૭–૧૧–૨૦૨૩ ના પત્ર નં.સીમીસ/૨/૭૧ થી વિદિત થઈ, શહેર સુરતમાંથી ઉત્પન્ન થતા ઘનકચરાના વ્યવસ્થાપનની કામગીરી અર્થે મોજે : ઉબેર, તા.ચોર્યાસી, સર્વેનંબર ૯૪/અ, બ્લોક નં.૧૯૭ તથા બ્લોક નં.૧૯૯ પૈકી (અંદાજીત ક્ષેત્રફળ : ૩,૦૦,૦૦૦ ચો.મી.) ની જમીન સુરત મહાનગરપાલિકાને સોલીડ વેસ્ટ ડિસ્પોઝલ પ્લાન્ટ/લેન્ડફીલ સાઈટના હેતુ માટે નીમ કરવા હુકમ કરવામાં આવેલ હોય, સ્થળ પર કોઈપણ પ્રકારનું દબાણ ન થાય તે હેતુસર ફેન્સીંગની કામગીરી કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર કૌશિક જે. દલવાડીનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧૪,૯૨,૫૭૮–૭૭ થી ૩.૫૧% ઉચુ એટલે કે રૂા.૧૫,૪૪,૯૬૮–૫૨ નું બિનશરતી ટેન્ડર, ટેન્ડરની શરતો અને સ્પેશિફિકશેનને આધિન મંજુર કરવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૮૭/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૧૧–૨૦૨૩.

*GOPAL*

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."